ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૧૬ ટકા

# શહેરમાં હનુમાન જયંતિની ભાવપૂર્ણ ઉજવણી





ગાંધીનગર, તા.૩૧

શહેરમાં હનુમાન જયંતિની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. જયારે શનિવાર અને હનુમાન જયંતિનો અનોખો સંયોગ જોવા મળતા હનુમાન ભકતોમાં આનંદની લ્હેર પ્રસરી ગઈ હતી. હનુમાન જયંતિના પાવન અવસરે નગરના વિવિધ હનુમાનજી મંદિરે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રામ ભકત હનુમાનજીની ભકિતમાં ભકતો તરબોળ બન્યા હતા. હનુમાન મંદિરમાં હનુમાન ચાલીસાના પાઠ, ભવ્ય આરતી, શ્રી મારુતી યજ્ઞ, સુંદરકાંડના પાઠ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. હનુમાન જયંતિના દિવ્ય અવસરે ધાર્મિક સંસ્થાઓ દ્વારા સેવા કાર્યો પણ કરવામાં આવ્યા હતા. હનુમાન જયંતિની ઉજવણી દરમિયાન ભકિત અને સેવાનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. હનુમાન મંદિરોમાં સવારથી સાંજ સુધી ભકતોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.જયારે હનુમાન મંદિર પરિસરો હનુમાન દાદાકી જય અને જય શ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યા હતા.

ગાંધીનગર શહેરના મંદિરોમાં હનુમાન ભકતોની સવારથી ભારે ભીડ જોવા મળી હતી. શહેરના સેકટર-૧૭ હનુમાન મંદિર ખાતે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. જયારે સેકટર-૨૯ જલારામ ધામ ખાતે લોહાણા યુવા સંગઠન મારુતિ યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું હતું. યજ્ઞ દર્શન માટે સવારથી જ ભકતોનો ધસારો રહ્યો હતો. ધાર્મિક પર્વ નિમિતે સુંદર સામાજીક કાર્ય પણ લોહાણા યુવા સંગઠન દ્વારા કરાયું હતું. જેમાં ૫૦ જરૂરીયાતવાળા બાળકને યજ્ઞ નિમિતે યજ્ઞ દર્શન, અને આરતીનો લ્હાવો તેમજ પૂર્ણ ભોજન પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. જયારે સેકટર-૩ એસએસવી શાળા ખાતે પણ મારુતિ યજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં શાળા પરિવાર હાજર રહ્યો હતો અને હનુમાનજીની ભકિત વંદના કરી હતી. તેવી જ રીતે ચિલોડા ગામના બહુચર માતાજીના મંદિરે પ્રતિ વર્ષની જેમ હવનનું આયોજન મિત્ર મંડળ દ્વારા કરાયું હતું. રાજેન્દ્રભાઈ રાવલની ટીમ દ્વારા શાસ્ત્રોકત વિધી તથાં મંત્રોચ્ચાર સાથે હવન યોજાયો હતો જેમાં ગ્રામજનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ હનુમાનજી મંદિર ખાતે સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંદિર ખાતે સાંજે મહાઆરતી, સુંદરકાંડના પાઠ, મારુતી યજ્ઞ, સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સવારથી મંદિર પરિસર ભકતોથી ઉભરાતા હતા.જયારે જિલ્લાના ડભોડીયા હનુમાનજી મંદિર ખાતે લાખો ભકતોએ દર્શન તેમજ આરતીનો લ્હાવો લીધો હતો. ડભોડા ગામમાં આજે મેળા જેવો માહોલ સર્જાયો હતો. જયારે ભકતો દ્વારા કેક કાપીને હનુમાન જયંતિની ભાવપૂર્ણ ઉજવણી કરી હતી.

## લોહાણા યુવા સંગઠન દ્વારા હનુમાન જયંતીના પર્વ નિમિત્તે શ્રી મારૂતિ યજ્ઞનું ભવ્ય આયોજન સંપન્ન



ગાંધીનગર, તા.૩૧

ચૈત્ર સુદ પૂનમ અને તા. ૩૧-૦૩-૨૦૧૮, શનિવારના રોજ હનુમાન જયંતિનું પવિત્ર પર્વ, ઘણા વર્ષો પછી આવો સંગમ જોવા મળેલ, હનુમાન જયંતિના પર્વ નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા 'શ્રી મારૂતિ યજ્ઞ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બ્રાહ્મણો દ્વારા મારૂતિ યજ્ઞનું ધાર્મિક રીતે અનેક મંત્રોના ઉચ્ચારણ થકી ઉપસ્થિત યજમાનશ્રીઓની હાજરીમાં સુંદર રીતે યજ્ઞને પૂર્ણ કરાયું હતું. યજમાન પરિવારશ્રીઓને આ સુંદર આયોજન બદલ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ધાર્મિક પર્વ નિમિત્તે સુંદર સામાજિક કાર્ય પણ લોહાણા યુવા સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું જે અંતર્ગત ૫૦ જરૂરીયાતમંદ બાળકોને યજ્ઞ નિમિત્તે યજ્ઞ દર્શન અને આરતીનો લ્હાવો તેમજ પૂર્ણ ભોજન સૌની સાથે પીરસવામાં આવ્યું હતું.

શ્રી મારૂતિ યજ્ઞને સફળ બનાવવા લોહાણા યુવા સંગઠનના પદાધિકારીઓ, કારોબારી સદસ્યો, સક્રિય સભ્યો, શ્રી જલારામ સેવા સમાજ, શ્રી જલારામ મહિલા મંડળ, શ્રી જલારામ મંદિરના પૂજારીશ્રી તેમજ સ્ટાફ સહિત અનેક ભક્તજનોનો સહયોગ રહ્યો હતો.

## વાવોલમાં હઝરત મહંમદ હુસેનનો ઉર્સ મુબારક

ગાંધીનગર, તા.૩૧

હઝરત મહંમદ હુસેન (ર.અ.)નો ઉર્સ મુબારક પ્રસંગે આમ ન્યાઝનો પ્રોગ્રામ આજે સાંજે ૭.૧૦ કલાકે વાવોલ ખાતે રાખેલ છે તો ધર્મપ્રિય જનતાને ન્યાઝમાં આવવા વાવોલના મુસ્લિમ બિરાદરોએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વડીલ વંદના કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંલગ્ન સર્વ નેતૃત્વ ટીમ દ્વારા આગામી ૮મી એપ્રિલે વડીલવંદના કાર્યક્રમ આંબેડકર હોલ સે-૧૨ ખાતે સવારે ૮ કલાકે યોજાશે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં વડીલોને માન આદર આપીએ છીએ ત્યારે ગાંધીનગર શહેરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંલગ્ન સર્વ નેતૃત્વ ટીમ દ્વારા સામાજીક સેવાના નવા પ્રયાસ તરફ માર્ગ નિર્દેશ કરવા અને આર્શીવાદ આપવા વડિલોને સાથ સહકારની સાંત્વના પાઠવવા વડીલ વંદના કાર્યક્રમ સે-૧૨ આંબેડકર હોલ ખાતે સવારે ૮ કલાકે યોજાશે.

# OLX થી સંપર્ક કરીને મોબાઈલ ચોરી જનાર ઠગ ઝડપાયો

### આઈ ફોન-૮ ખરીદવા આવેલી ત્રિપુટી મોબાઈલ લઈને પૈસા આપ્યા વગર ગાડીમાં ફરાર થઈ ગઈ હતી : થર્ટી ફર્સ્ટે ખ-રોડ પર બનાવ બન્યો હતો




ગાંધીનગર, તા.૩૧

શહેરના ખ માર્ગ પર ગાંધીનગરના એક યુવાન પાસે આઈ ફોન-૮ ખરીદવા માટે આવેલા ત્રણ શખ્સો મોબાઈલ લઈને પૈસા આપ્યા વગર રફફુચક્કર થઈ ગયા હતા. ગઈ થર્ટી ફર્સ્ટે બનેલી આ ઘટના અંગે સે-૭ પોલિસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયો હતો.OLX પરથી સંપર્ક કરીને ગ્રાહક બનીને આવેલી ત્રિપુટી પૈકી એક સાગરીતને ગાંધીનગર એલસીબીની ટીમે સુરેન્દ્રનગરથી દબોચી લીધો છે.આરોપીની પુછપરછ કરતાં તેના અન્ય બે સાગરીતોના નામ ખુલતા એલસીબીએ તે બંનેને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત અને તરલ ભટ્ટની ટીમે થર્ટી ફર્સ્ટના દિવસે થયેલી આઈ ફોન-૮ની વિચિત્ર ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. ગાંધીનગરના યુવાને પોતાનો આઈફોન-૮ મોબાઈલ OLX પર વેચવા મુકયો હતો તેના મારફતે અતુલ નામનો શખ્સ તેના મિત્રોને લઈને થર્ટી ફર્સ્ટે શહેરના ખ-માર્ગ સ્વાગત રેઈન ફોરેસ્ટ પાસે મોબાઈલ જોવા આવ્યો હતો. ફોન જોવા હાથમાં લઈને પૈસા આપ્યા વગર તે મોબાઈલ લઈને ઈન્ડીગો ગાડીમાં ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા. એલસીબીની ટીમે તપાસ કરતાં આ ચોરાયેલો મોબાઈલ હાલ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના જોરાવરનગર ગામમાં રહેતા યુવરાજસિંહ હરપાલસિંહ ડોડીયા પાસે હોવાનું ખુલ્યું હતું. એલસીબીની ટીમે વઢવાણ જઈ આ શખ્સને પકડી પાડી ચોરીનો મોબાઈલ રીકવર કર્યો છે તેની પુછપરછમાં તેના અન્ય બે સાગરીતો જયદિપસિંહ છત્રસિંહ ઝાલા અને દિગ્વિજયસિંહ નાગદેવસિંહ ગોહિલના નામ બહાર આવ્યા છે. ત્રણેયે અતુલ નામનું ખોટું નામ આપીને ચોરી કરી હોવાનું ખુલતા એકની ધરપકડ કરી લઈ અન્ય સાગરીતોને પકડવા તજવીજ શરુ કરવામાં આવી છે.

# દહેગામના બુટલેગરના ઘર પાસેથી ખિચોખીચ દારૂ ભરેલો ટેમ્પો પકડાયો

### રૂ. ૩.૭૪ લાખના વિદેશી દારૂના જથ્થા સહિત કુલ રૂ. ૮.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા.૩૧

જિલ્લાના દહેગામ ખાતે રામનગર વિસ્તારમાં રહેતા બુટલેગર પિનેશ ઉર્ફે સોમા પટેલના ઘર આંગણે પાર્ક કરેલા ટેમ્પોમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલો હોવાની બાતમી મળતા દહેગામ પોલિસે દરોડો પાડયો હતો. ટેમ્પો ચેક કરતા અંદરથી અલગ અલગ બ્રાન્ડની રૂ. ૩.૭૪ લાખની કિંમતની વિદેશી દારૂની બોટલો પકડી પાડી હતી. દહેગામ પોલિસે રૂ. ૮.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગરની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

દહેગામ પોલિસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોકકસ બાતમી મળી હતી કે દહેગામના રામનગર વિસ્તારમાં રહેતા બુટલેગર પિનેશ ઉર્ફે સોમાબાબુ પટેલના ઘરની પાછળના ભાગે એક સફેદ બોલેરો પીકઅપ ડાલુ બંધ બોડીનું પડેલું છે જેમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલો છે. આ બાતમી આધારે સ્થળ પર જઈ દરોડો પાડી તપાસ કરતા ડાલા (ટેમ્પો)માંથી રોયલ ચેલેન્જ ગોલ્ડ વ્હીસ્કીની ૨૮૮ બોટલ, પાર્ટી સ્પેશ્યલ ડીલક્ષ વ્હીસ્કીની ૪૦૮ બોટલ, બ્લ્યુ મુનજીનની ૨૪ બોટલ, બ્લ્યુ કવાર્ટર ૪૩૨ બોટલ અને બ્લ્યુ મુડની ૪૩૨ બોટલ મળી કુલ રૂ. ૩,૭૪,૪૦૦ની કિંમતનો દારૂ મળી આવ્યો હતો. દારૂ તથા પાંચ લાખનું ડાલુ મળીને કુલ રૂ. ૮,૭૪,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી દહેગામ પોલિસે ફરાર બુટલેગરની ધરપકડ માટે કવાયત શરુ કરી છે.

## આજે ગાંધીનગર ઉડિયા સમાજ દ્વારા ઉત્કલ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર ઉડિયા સમાજ દ્વારા ઓડિસા રાજયના ૮૩મા સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત આવતીકાલે તા. ૧-૪-૨૦૧૮ના રોજ સાંજે ૭ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે ઉત્કલ દિવસની ઉજવણી કરવામાં આવશે. જેમાં ગુજરાત રાજયના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. જયારે નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજય શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવશે. આ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવશે.

## મેડીકલ કોલેજના ડીન ડો. અરૂણ વ્યાસ સ્વૈચ્છીક નિવૃત થયા

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજના ડીન તરીકે ફરજ બજાવતા ડો.અરૂણ વ્યાસે બે માસ અગાઉ આરોગ્ય વિભાગને પોતાનું સ્વૈચ્છીક રાજીનામું મોકલી આપ્યું હતું. ડો. અરૂણ વ્યાસે તા.૯-૨-૨૦૧૧ થી મેડીકલ કોલેજના ડીન તરીકે સેવાઓ આપી હતી. મેડીકલ કોલેજમાં સાથી ડોકટર્સ, તેમજ સ્ટાફ કર્મચારીઓમાં આગવું સ્થાન ધરાવતા હતા. તેઓના મિલનસાર સ્વભાવને કારણે તબિબિ વિદ્યાર્થીઓમાં પણ વિશેષ ઓળખ ધરાવતા હતા. તેઓના સમયમાં મેડીકલ કોલેજના એમસીઆઈના ઈન્સ્પેકશન પણ સફળ રીતે પૂર્ણ થયા છે. આ પ્રસંગે ડો. અરૂણ વ્યાસે જણાવ્યુ હતું કે બે વર્ષ પછી હું વયનિવૃત થવાનો હતો. આ મેડીકલ લાઈનમાં જોડાતા પરિવારજનો, કુટુંબના સભ્યોને સમય આપવો જોઈએ તેટલો આપી શક્યો નથી. ત્યારે હવે પરિવાર સાથે સમય વિતાવવો હોવાથી બે મહિના અગાઉ આરોગ્ય વિભાગને સ્વૈચ્છીક રાજીનામું મોકલી આપ્યું હતું. જે આરોગ્ય તંત્ર દ્વારા મંજુર પણ કરી દેવાયું છે. પાટનગરની મેડીકલ કોલેજમાં ડીન ની પદવી બાદ કોલેજની પ્રથમ એમબીબીએસની બેચને યોગ્ય માર્ગદર્શન આપી સફળતા પૂર્વક બહાર પાડવાની ઈચ્છા હતી તે પણ તાજેતરમાં પદવીદાન સમારોહમાં બાદ પૂર્ણ થઈ છે તેથી હાલની સ્થિતિએ ખુબ જ આનંદ અનુભવી રહ્યો છું ત્યારે સારા ડીનની ગરજ વચ્ચે ડો. શોભના ગુપ્તાને ડીનનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

## જિલ્લામાં છ પી.આઈ.ની આંતરીક બદલીઓ

ગાંધીનગર જિલ્લામાં આજે છ પી.આઈ.ની આંતરિક બદલીના આદેશ જિલ્લા પોલિસ વડાએ કર્યા છે. એલ.આઈ.બી.માં ફરજ બજાવતા પી.આઈ. વી.ડી. વાળાને કલોલ શહેર પોલિસ સ્ટેશનમાં ફર્સ્ટ પી.આઈ. તરીકે મુકાયા છે તે ઉપરાંત કલોલ તાલુકા પી.આઈ. વાય.આર. વાઘેલાને કલોલ શહેરના સેકન્ડ પી.આઈ. તરીકે, સે-૨૧ પી.આઈ. નિરજ પટેલને કલોલ તાલુકામાં, માણસા પી.આઈ. જે.ડી.મેવાડાને સેકટર-૭ સેકન્ડ પી.આઈ. તરીકે, સેકટર-૭ સેકન્ડ પી.આઈ. પી.જે. પટેલને માણસા અને લીઝ રીઝર્વ પી.આઈ.ને સે-૨૧ ફર્સ્ટ પી.આઈ. તરીકે મુકવામાં આવ્યા છે.



આવતીકાલે રવિવારે બીએસએફ (બોર્ડર સિકયુરિટી ફોર્સ)ના ગુજરાત ફ્રન્ટીયરનો ૧૪મો સ્થાપના દિન ઉજવવામાં આવનાર છે. ગાંધીનગર સ્થિત બીએસએફ કેમ્પસ ખાતે થનાર આ ભવ્ય ઉજવણીમાં વિવિધ રમતો તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ થશે. આજે બીએસએફ ગુજરાત ફ્રન્ટીયરના આઈ.જી. અજય તોમરે તેમના ફ્રન્ટીયરની અત્યાર સુધીની પ્રસંશનીય કામગીરી જેમ કે બ્લડ ડોનેશન કેમ્પ, બીએસએફ હાફ મેરેથોન-૨૦૧૭, ગુજરાતમાં આવેલ પુર દરમિયાન કરેલ રાહત અને બચાવ કામગીરી, સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વૃક્ષારોપણ, ઉર્જા કપ વગેરે કામગીરીની વિગતો પત્રકાર પરિષદ યોજીને રજુ કરી હતી.